# રાજસ્થાન સરકારનો તમામ સરહદો સીલ કરવાનો નિર્ણય

## રતનપુર બોર્ડર સીલ કરાઈ, અવર-જવર માટે પાસ જરૂરી

રાજસ્થાનમાં કોરોના દર્દીઓનો આંકડો ૧૧ હજારને વટાવી દીધો છે જેમાં કોરોનાના લીધે ૨૫૬ લોકોનાં મોત નિપજતા સતત કોરોના પોઝેટીવ કેસ વધતા રાજસ્થાન સરકારે ૭ દિવસ સુધી આંતરરાજય સરહદો સીલ કરવાનો નિર્ણય લીધો છે. રાજસ્થાનને ગુજરાત સહિત પંજાબ, હરિયાણા, દિલ્હી, મધ્યપ્રદેશની સીમાઓ અડે છે ગુજરાતને અડીને આવેલી રાજસ્થાન રાજ્યને જોડાતી તમામ સરહદો સીલ કરવા પોલીસતંત્રએ ગતિવિધિ તેજ કરી દીધી છે. ડુંગરપુર પોલીસે શામળાજી નજીક આવેલી રતનપુર બોર્ડર સહીત અન્ય સરહદો સીલ કરી દેતા રાજસ્થાન સરકારે લીધેલ નિર્ણયથી રાજસ્થાનની બહાર ગયેલા અને રાજસ્થાનમાં પ્રવેશેલા લોકો માટે મુશ્કેલી સર્જી શકે છે.

રાજસ્થાન સરકારે લીધેલા આ નિર્ણયથી ગુજરાતમાંથી રાજસ્થાન જનારા લોકોને પણ હાલ પૂરતા



અટકાવી દેવામાં આવ્યા છે.

કોરોનાના વધતા ચેપને કારણે રાજસ્થાન સરકારે ૭ દિવસ માટે બોર્ડર સીલ કરવાનો નિર્ણય લીધો છે. રાજસ્થાન સરકારના આદેશ મુજબ બહારના રાજયોથી આવતા લોકોને પ્રવેશ આપવામાં આવશે નહીં. એક માત્ર પાસ દ્વારા જ રાજસ્થાનમાં પ્રવેશ કરી શકાશે. તબીબી ઈમરજન્સીના કિસ્સામાં કલેક્ટર દ્વારા પાસ ઈસ્યુ કરવામાં આવશે તો જ રાજ્ય બહાર જવા મળશે. ગુજરાત રાજ્યને અડીને આવેલી સરહદો પર રાજસ્થાન પોલીસતંત્રે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દઈ અધિકારીઓ અને પોલીસકર્મીઓને ખડકી દેવામાં આવ્યા છે.

રાજસ્થાન સરકારે લીધેલા આ નિર્ણયથી ગુજરાતમાંથી રાજસ્થાન જનારા લોકોને પણ હાલ પૂરતા અટકાવી દેવામાં આવ્યા છે. ગુજરાત પોલીસે પણ લોકોને અપીલ કરી છે કે રાજસ્થાનમાં રોડથી પ્રવેશ કરવા માટે પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. જેને લઈને રાજસ્થાન જનારા લોકોને અપીલ છે કે રાજસ્થાન સરકારના સંબધિત અધિકારી અથવા કલેકટર પાસેથી પ્રવેશપત્ર મેળવ્યા પછી જ મુસાફરી કરવાની રહેશે. રાજસ્થાન સરકારે બોર્ડરો સીલ કરી દેતા રાજસ્થાન જનારાઓને અવરજવર માટેની મંજૂરી આપવાનું ગુજરાત સરકારે બંધ કરી દીધું છે.




### રાજસ્થાન સાથે જોડતા ખેડબ્રહ્મા તાલુકાની સરહદો સીલ કરાઈ

ખેડબ્રહ્મા તાલુકાની બોર્ડર રાજસ્થાન રાજ્ય સાથે અડેલી છે. જેને બુધવારના રોજ રાજસ્થાન સરકાર દ્વારા કોરોના સંક્રમણ વધી રહ્યું હોય તેને લઈ રાજ્યની બોર્ડર બંધ કરી દેવામાં આવી છે. જેમાં રાજસ્થાન સાથે ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા, પઢારા, પોષીના તાલુકાના કોટડા અને પોષીનાના રસ્તાઓ બંધ કરી ત્યાં પોલીસ ખડકી દેવામાં આવી છે અને આંતર રાજ્ય અવર-જવર માટે પરમિશન વગર કોઈને જવા દેવામાં આવશે નહીં.

## ખેડબ્રહ્મા સફાઈ કામદારની પુત્રીના અવસાન બાદ પરિવાર હોમ કોરન્ટાઈન

ખેડબ્રહ્મા શહેરના સફાઈ કામદારની પુત્રી લીંભોઇ ખાતે પરણાવેલ ૩૫ વર્ષીય યુવતી અમદાવાદ એરપોર્ટ પર સફાઈ કામદાર તરીકે નોકરી કરતી હતી જે રવિવારના રોજ ખેડબ્રહ્મા ખાતે પિતાના ઘરે આવેલ હતી જેને તાવની બીમારી જનતા ખેડબ્રહ્મા ખાનગી દવાખાને લઈ ગયા હતા કોરોના લક્ષણો જણાતા સોમવારે હિંમતનગર રીફર કરવામાં આવેલ જ્યા મંગળવારે સેમ્પલ લેવામાં આવેલ જે મંગળવારે જ મરણ ગયા બાદ બુધવારના રોજ કોરોના પોઝીટીવ આવેલ જેથી ખેડબ્રહ્મા તેના પિતાના પરિવાર સહિત આજુબાજુના હાઈ રિકસ વાળા ૨૦ લોકોને આરોગ્ય વિભાગે હોમ કોરાંટાઇન કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# જુનાડીસા નજીક ઘન કચરો સળગાવાતા પ્રદૂષણમાં વધારો

## હાઇવે ઉપર ઘન કચરાનો આડેધડ નિકાલ

ડીસા, તા. ૧૦

ડીસા નજીકના જુનાડીસા ગામે ઘન કચરાના આડેધડ નિકાલની સાથે ખુલ્લેઆમ સળગાવાતા પ્રદુષણની માત્રામાં જંગી વધારો થયો છે. તેથી કોરોના કરતાં પણ જીવલેણ મહામારી ફેલાવાની પૂરેપૂરી શકયતા છે.



ડીસા-પાટણ હાઈવે ઉપરના જુનાડીસા ગામના ગંગાજી વ્હોળા તરીકે ઓળખાતા હાઈવેને અડીને આવેલા સર્વે નં. ૭૨૭ પૈકીની ૧૦ એકર જમીન તત્કાલીન કલેકટરે ગામલોકોની જાણ બહાર ડીસા નગરપાલિકાને ઘન કચરાના નિકાલ માટે ફાળવી દીધી છે. ત્યારથી કોમી એકતા માટે વખણાતા ગામ માથે મહામારીનો ખતરો મંડરાયો છે. ગામલોકોએ આવેદનપત્રોની વણઝાર સાથે લડત આદરી છે જેનો કેશ પણ ગ્રીન ટ્રીબ્યુનલમાં ચાલે છે. તેમ છતાં અહીં ઘન કચરાની આડમાં મેડિકલ વેસ્ટ અને દુનિયાભરની ગંદકી ઠલવાય છે. જેથી માથું ફાટી જાય તેવી દુર્ગંધથી હાઈવે ઉપરથી પસાર થવું મુશ્કેલ બની જાય છે. એટલું જ નહી વર્મી કંપોસ્ટની આડમાં લાખો રૂપિયાની મશીનરી વસાવવામાં આવી છે તેમ છતાં સરકારી નીતિ નિયમો નેવે મૂકી ઘન કચરાનો આડેધડ રીતે નિકાલ કરાય છે. આ બાબતે ગામના એડવોકેટ દિલીપ ભાટિયાએ રોષ ઠાલવતા જણાવ્યું હતું કે અહીં તદન ગેરબંધારણીય રીતે કચરો નાખવા સાથે ખુદ તંત્રના કચરો નહિ નાખવાના બોર્ડ આગળ જ કચરો નાખવામાં આવે છે અને આડેધડ સળગાવાય પણ છે. જેથી ગામ માથે જીવલેણ મહામારીનો ખતરો મંડરાયો છે.

આ બાબતે ગામલોકો હળાહળ અન્યાયની લાગણી અનુભવે છે. તેમાં પણ ગ્રામ પંચાયતના સત્તાધીશોનું અકળ મૌન ગામલોકોને પજવે છે. જેને ગંભીરતાથી લઈ પંચાયતના સત્તાધીશો અંગત રસ દાખવે અને જિલ્લા કલેકટર પણ આ બાબતે સત્વરે ઘટતાં પગલાં ભરે તેવી લોક લાગણી પ્રવર્તે છે.

# ઉધઈ કરતાં પણ ખતરનાક છે ખનીજ માફિયા ડિપ નીચેથી કાંકરો કાઢી નાખે તો શું થાય...!!

## છેલ્લા ૧ વર્ષથી મહાદેવગ્રામ ડિપનું ગાબડું પુરવામાં તંત્રની ઉદાસીનતા

કહેવાય છે કે ગામડાથી શહેરની શરૂઆત થાય છે, પણ ગામડાની હાલત આજની પરિસ્થિતિએ કથળી હોય તેવું લાગી રહ્યું છે. વિકાસ હવે શહેર પુરતો જ સિમિત રહ્યો છે અને ગામડાઓ પર નજર કરવામાં આવતી નથી. મોડાસા તાલુકાના મહાદેવ ગ્રામ રહ્યું છે અને ડિપ ફરીથી સંપૂર્ણ તૂટશે અને આસપાસના દસ જેટલા ગામનો સંપર્ક વિહોણા થવાની શક્યતા છે, પછી અધિકારીઓ દોડી જશે અને પૂછશે કે કેટલા સમયથી આવું છે, તમે જાણ કરી છે, ક્યારે કરી છે. આવા સવાલો ગોખેલા છે, જે ચાલતા રહેવાના.



બાકરોલથી ગોખરવા જવાના રસ્તે મેશ્વો નદી પર કહેવા પુરતો ડીપ બનાવેલો હોય એવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે કારણ કે આસપાસના લોકો અન્ય ગામ સાથે જોડાયેલા રહે, પણ તંત્ર નથી ઈચ્છતું કે, ગામડાઓનો વિકાસ થાય. કારણ કે, ઈચ્છતું હોત તો છેલ્લા એક વર્ષથી તૂટી ગયેલા ડીપનું અત્યાર સુધીમાં સમારકામ કરી દીધું હોત.

વાત જાણે એમ છે કે મહાદેવ ગ્રામ બાકરોલથી ગોખરવા જવાના માર્ગ પર મેશ્વો નદી પર ડિપ બનાવાયો છે, જેના પર છેલ્લા એક વર્ષથી ગાબડું પડી ગયું છે, પણ કોઈનું ધ્યાન નથી જતું કે પછી નજર કરવામાં નથી આવતી તે એક સવાલ છે. ડિપ ઉપરથી સલામત છે, પણ ખનીજ માફિયાઓ નીચેથી કાંકરો કાઢી નાખે છે, જેથી આવા ગાબડા પડી જાય છે. આગામી દિવસોમાં ચોમાસુ આવી ચોમાસું આવશે અને પછી બધા ત્યાં દોડી જશો, એના કરતા હવે ખબર પડી છે તો તપાસ કરાવો અને સમારકામ કરાવો, ખાલી ગામ લોકો હેરાન થશે અને પછી દોડશો, તે નકામું રહેશે.

જે રીતે લાકડાને ઉધઈ નષ્ટ કરી નાખે છે, તેવી રીતે માફિયાઓ ડિપ નીચેની મલાઈ ખાઈ જાય છે, અને ડીપનો ઉપરનો ભાગ આપોઆપ ખોખલો બની જાય છે, પછી ચોમાસું આવે એટલે ડિપ ધડામ કરીને બેસી જશે. આવી સ્થિતિ પર તંત્રએ ખરેખર ધ્યાન આપવું જોઈએ અને વિકાસની વાતો કરતા પહેલા ગામડાઓની સાચી સ્થિતિ શું છે તેને પણ નજર અંદાજ ન કરવું જોઈએ. અધિકારીઓએ હાઈવેથી જવા કરતા આવા રસ્તાઓ પરથી પસાર થવું જોઈએ જેથી ખ્યાલ આવે કે જિલ્લાનું ગામડું ક્યાં છે.

## ધનસુરા ચૌધરી સમાજનું ગૌરવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું જાહેર થયું હતું. જેમાં ધનસુરાના



વતની પંકજભાઈ ગોવિંદભાઈ પટેલના પુત્ર સહજ પંકજભાઈ પટેલે ચાલુ વર્ષે લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં સેન્ટરમાં પ્રથમ આવી જે.એસ.મહેતા હાઈસ્કૂલ અને ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યું હતું. સહજ પટેલે ૮૮ ટકા અને ૯૯.૩૪ પર્સલટાઈઝ રેન્ક મેળવ્યો હતો અને ઓવરઓલ એ-૨ ગ્રેડ મેળવ્યો હતો. સહજ પટેલે ટોટલ માર્કસ ૬૦૦ માંથી ૫૨૬ ગુણ મેળવ્યા હતા અને ૯૯.૩૪ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યો હતો અને ધનસુરા સેન્ટરમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તેની આ સિધ્ધી બદલ જે.એસ.મહેતા હાઈસ્કૂલના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈ અને ટ્રસ્ટીગણે અભિનંદન પાઠવ્યા હતા.

# હિન્દુ એકતા મંચ અને પોલીસ દ્વારા માસુમ બાળકને ઓપરેશનમાં આર્થિક મદદ કરતા માનવતા મહેંકી

## ઈડર તાલુકાના કુકડીયા ગામના 3 વર્ષીય માસુમ બાળકને સારણગાંઠનું ઓપરેશન દરમિયાન સાઈઠ હજારની મદદ કરાઈ

ભિલોડા,તા.૧૦

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન દિન-પ્રતિ-દિન કેસોનો ધરખમ વધારો થઈ રહ્યો છે.ભારત દેશમાં ૪ લૉકડાઉન પુર્ણ થયા બાદ હાલના તબક્કે અનલૉક - ૧ ચાલી રહ્યું છે. ઉદ્યોગ, ધંધા, રોજગાર એકદંરે ઠપ્પ થઈ રહ્યા છે. મહામંદીનો દોર હાલના તબક્કે ચાલી રહ્યો છે પરંતુ હજુ પણ માનવતા મરી પરવારી નથી ત્યારે સેવાકીય ઉદાહરણરૂપ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હિન્દુ એકતા મંચ અને પોલીસ ધ્વારા માસુમ બાળકને ઓપરેશનમાં આર્થિક મદદ કરતા માનવતા મહેંક પ્રસરી છે. ઈડર તાલુકાના કુકડીયા ગામના ૩ વર્ષીય માસુમ બાળકને સારણગાંઠનું ઓપરેશન દરમ્યાન રૂા.૬૦,૦૦૦/- ની આર્થિક મદદ કરાઈ છે. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન ગામની શેરીઓથી લઈને, શહેરો સુધી એકદંરે સન્નાટ્ટો છે ત્યારે આ પરીસ્થિતીમાં માત્ર કોરોના જ નહીં પરંતુ અનેક પ્રકારની પીડાઓથી લોકો ઝઝુમી રહ્યા છે. હિન્દુ એકતા મંચ ધ્વારા માસુમ બાળકને ઓપરેશનમાં આર્થિક મદદ કરતા માનવતાની મહેંકી પ્રસરી હતી. કુકડીયા ગામના બ્રાહ્મણ સમાજના વતની કમલભાઈ ત્રિવેદી રીક્ષા ચલાવી રોજનું કમાઈ પોતાના પરીવારનું ગુજરાન માંડ માંડ ચલાવે છે. કપરી પરીસ્થિતીમાં તેમના ૩ વર્ષીય પુત્ર ધ્રુવિલકુમાર ત્રિવેદીને સારણગાંઠનું ઓપરેશન કરવાનું હોઈ ત્યારે તેમના પર આભ તુટી પડ્યું હતું. ડૉક્ટરના જણાવ્યા મુજબ હૃદયમાં પંચર હોવાથી હૃદયના ડૉક્ટરનો સાથે રાખીને સારણગાંઠનું ઓપરેશન કરવાનું હતું ત્યારે કમલભાઈની આર્થિક પરિસ્થિતી નબળી હોવાથી મુંઝવણમાં મુકાયા હતા.હિન્દુ એકતા મંચ પ્રમુખ પાર્થરાજસિંહ ઝાલા, તેમની ટીમ, ઈડર પોલીસ સ્ટેશન પી.આઈ. પ્રહલાદસિંહ વાઘેલા, પોલીસ સ્ટાફ ધ્વારા માનવતાભર્યું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડતા ઓપરેશન, મેડીકલનો સંપુર્ણ ખર્ચ રૂા.૬૦,૦૦૦/- ની મદદ ધ્વારા ધ્રુવિલના પિતાનું મનોબળ વધાર્યું હતું. ૨૧મી સદીના હાઈટેક યુગમાં એક સત્ય હકીકત મુજબ અુમક કિસ્સાઓમાં જોવા જઈએ તો સગા ભાઈઓ ભાઈના નથી ત્યારે આવા કપરા સમયમાં હિન્દુ એકતા મંચ પ્રમુખ અને તેમની ટીમ, ઈડર પોલીસ સ્ટેશન પી.આઈ., પોલીસ સ્ટાફ ધ્વારા માનવતાનો ધર્મ નિભાવ્યો હતો. માનવ સેવા એ જ પ્રભુ સેવા સુત્રને સાર્થક કર્યું હતું. કુકડીયા ગામના બ્રાહ્મણ પરીવારમાં આનંદની લાગણી પ્રસરી હતી.



# અરવલ્લી જિલ્લામાં કોવીડ-૧૯ હોસ્પિટલ... કે પછી કોરન્ટાઈન સેન્ટર..!!

## લોકોમાં ચર્ચા : ગંભીર દર્દીઓને હિંમતનગર ખસેડવામાં આવી રહ્યા છે

અરવલ્લી જીલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ અને બાયડ નજીક આવેલી વાત્રક હોસ્પિટલમાં કોવીડ-૧૯ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. અરવલ્લી જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓનો આંક ૧૩૭ દર્દીઓમાંથી ૧૧ દર્દીઓનું કોરોનાથી મોત નીપજ્યું છે. મોડાસા શહેરમાં કોરોના ભયાવહ સાબિત થઈ રહ્યો હોય તેમ ૪૬ લોકો કોરોનમાં સપડાયા હતા જેમાંથી ૮ લોકોને કોરોના ભરખી જતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. જીલ્લામાં ૧૧૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપવામાં સફળ રહ્યા છે. મોડાસાની ક્રિષ્ણપ્રિયચાર્ય સોસાયટીમાં રહેતા વૃદ્ધનું કોરોનાથી મોત નીપજ્યું હતું. અરવલ્લી જીલ્લામાં ઉભી કરાયેલ બંને કોવીડ-૧૮ હોસ્પિટલમાં કોરોના સંક્રમિત દર્દીની તબિયત લથડતાની સાથે હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા જીલ્લાના પ્રજાજનોમાં આરોગ્ય તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લામાં કોરોના વાયરસનો ભોગ બનેલા અને જીલ્લાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓમાંથી મૃત્યુ પામેલા મોટા ભાગના દર્દીઓને હિમંતનગર રીફર કરવામાં આવ્યા હતા એટલે કે જીલ્લાની બંને કોવીડ-૧૯ હોસ્પિટલમાં માત્ર ગંભીર ન હોય તેવા જ દર્દીઓને સારવાર આપવામાં આવતી હોવાથી અને કોરોનાગ્રસ્ત દર્દીને ઓક્સીજન લેવામાં તકલીફ પડે કે પછી સ્થિતિ ગંભીર થવાની શરૂઆત થાય કે તરતજ હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં ધક્કો મારી દેવામાં આવતા લોકોમાં જીલ્લામાં કોરોનાના દર્દીઓની સારવાર માટે ઉભી કરાયેલ હોસ્પિટલને કોવીડ-૧૯ ગણવી કે ફકત કોરેન્ટાઈન સેન્ટર તે પ્રશ્ન મુંજવી રહ્યો છે.




અરવલ્લી જીલ્લામાં ઉભી કરવામાં આવેલી બંને કોવીડ-૧૯ હોસ્પિટલમાં ગંભીર દર્દીઓના સારવારની કોઈ અદ્યતન સિસ્ટમ નથી કે પછી હોસ્પિટલમાં ગંભીર દર્દીઓની સારવાર માટે સારવાર આપી શકે તેવા તબીબો અને આરોગ્ય કર્મીઓની ઉણપ..!! સહીત અનેક ચર્ચાએ જોર પકડ્યું છે. લોકોમાં હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા દર્દીઓમાંથી મોટા ભાગના દર્દીઓ કોરોના સામે જંગ હારી જતા મોતને ભેટી રહ્યા હોવાથી ભય જોવા મળી રહ્યો છે. લોકોમાં ચર્ચાઈ રહ્યું છે કે જે પણ કોરોનાના દર્દીને હિંમતનગર રિફર કરવામાં આવે તે ભાગ્યેજ જીવંત પાછા આવશે.

મોડાસાના ઈમરાન સદા નામના યુવકને બ્લડ પ્રેસર અને શ્વાસ લેવામાં તકલીફ ઉભી થતા ત્રણ દવાખાનાઓમાં પરિવારજનો સારવાર લેવા માટે ફર્યા હતા પરંતુ સરકારી ગાઈડલાઈન પ્રમાણે સારવારનો ઈન્કાર કરતા યુવાનને મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી એમ્બ્યુલન્સ મારફતે હિંમતનગર ખાતે રીફર કરવામાં આવતા એમ્બ્યુલન્સને અકસ્માત નડતા બીમાર યુવકે દમ તોડી દીધો હતો. આ ઘટના બાદ લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને કોવીડ-૧૯ હોસ્પિટલમાં શું ગંભીર દર્દીના ઈલાજ માટે પુરતી સુવિધા નથી...? તો પછી આવી હોસ્પિટલોને કોરેન્ટાઈન સેન્ટરથી વધુ કઈ ન કહી શકાય..!! તેવા પ્રશ્નો આરોગ્ય તંત્ર સામે ઉઠાવી રહ્યા છે.